Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

26

# નાઇજરમાં લશ્કરી બળવો


**Dr. Vijaykumar Ishwarbhai Prajapati**

Asst. Professor, Department of Political Science, G.D. Modi College of Arts, Palanpur.

પશ્ચિમ આફ્રિકમાં સહરાના રણપ્રદેશની દક્ષિણ કિનારી પર આવેલો પ્રજાસત્તાક દેશ. ભૌગોલિક સ્થાનની દૃષ્ટિએ તે 12° 05´ ઉ.અ.થી 23° 30´ ઉ.અ. અને 0° 05´ પૂ.રે.થી 15° 20´ પૂ.રે. વચ્ચે આવેલો છે. તે બધી બાજુએ ભૂમિ ભાગથી ઘેરાયેલો છે.સમુદ્રકિનારો તેનાથી ઉત્તરમાં આશરે 1,000 કિમી. અને દક્ષિણે 800 કિમી. અંતરે આવેલો છે. આ દેશનો કુલ વિસ્તાર 12,67,000 ચો.કિમી. જેટલો છે. તેની વાયવ્યમાં અલ્જિરિયા, ઈશાનમાં લિબિયા, પૂર્વમાં ચાડ, દક્ષિણમાં નાઇજિરિયા, નૈર્ઋત્યમાં બેનિન તથા બુર્કીના ફાસો અને પશ્ચિમમાં માલી દેશો આવેલા છે. સળંગ 60 વર્ષ સુધી ફ્રેન્ચ આધિપત્ય હેઠળ રહેલા આ દેશને ઇ.સ.1960માં સ્વાધીનતા મળી. દેશના છેક નૈર્ઋત્ય ભાગમાં નાઇજર નદીને કાંઠે આવેલું નાઇમેય (Niamey) તેનું મોટામાં મોટું શહેર અને પાટનગર છે, તે ઉપરાંત મરાડી, અગાદીઝ, બિલમા, ઝિન્દર અને તાહુઆ જેવા બીજાં મોટાં શહેરો છે.

નાઇજરનું ભૂપૃષ્ઠ ઉચ્ચપ્રદેશો અને મેદાનોથી બનેલું છે. વાયવ્ય, ઉત્તર અને ઈશાન ભાગોમાં ઊંચાણવાળાં શિખરજૂથો આવેલાં છે. અગાદીઝથી ઈશાનમાં આવેલા ઍરના ઉચ્ચપ્રદેશનું સર્વોચ્ચ શિખર બાગ્ઝેન 2,022 મીટરની ઊંચાઇ ધરાવે છે. ઓછામાં ઓછી ઊંચાઇ નાઇજર નદીના ખીણપ્રદેશમાં 161 મીટરની છે. સહરાનાં રેતાળ અને ખડકાળ મેદાનો પૂર્વ-પશ્ચિમ વિસ્તરેલાં છે. ત્યાંથી દક્ષિણે આછાં જંગલોવાળો મેદાની પ્રદેશ છે અને દક્ષિણ સરહદને સમાંતર ઉચ્ચપ્રદેશોની હાર ચાલી જાય છે. અહીંની મુખ્ય નદી નાઇજર નૈર્ઋત્ય ભાગમાં 480 કિ.મી. જેટલા અંતરમાં વહે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar




નાઇજરનો નકશો

આખોય દેશ કર્કવૃત્તથી દક્ષિણ તરફ આવેલો હોવાથી તે અયનવૃત્તીય આબોહવા ધરાવે છે. વળી તે સહરાના રણપ્રદેશનો ભાગ હોવાથી ગરમ રહે છે. નવેમ્બરથી મે સુધી અહીં સૂકું હવામાન પ્રવર્તે છે. ઈશાની ભાગોમાં તાપમાનનો ગાળો મોટો રહેતો હોવા છતાં દેશના મોટા ભાગમાં ફ્રેબ્રુઆરીથી મે દરમિયાન તાપમાન મહદંશે 40°સે. જેટલું રહે છે. ડિસેમ્બર–જાન્યુઆરીના ઠંડા મહિનાઓમાં તાપમાન ઘટીને 12°થી 15° સે. જેટલું થાય છે. અક્ષાંશીય સ્થાન મુજબ વરસાદનું પ્રમાણ બદલાતું રહે છે. વરસાદ જૂનથી ઑક્ટોબર દરમિયાન પડે છે. થોડોક વરસાદ મેળવતા રણભાગોમાં વરસાદની ઋતુ બાદ કેટલીક વનસ્પતિ ઊગી નીકળે છે.પશ્ચિમ તરફ નાઇજર નદીને કિનારે તથા દક્ષિણમાં સાહેલના વિસ્તારમાં છૂટાંછવાયાં બાવળ, તાડ અને અન્ય વૃક્ષો સહિત સવાના પ્રકારની વનસ્પતિ જોવા મળે છે. નદીના પ્રદેશમાં સાબર, દીપડો, ચિત્તો, જરખ, મગર અને હિપ્પો જેવાં પ્રાણીઓ વસે છે. દક્ષિણ તરફના ભાગોમાં હાથી, જિરાફ, વાનર, ભુંડ અને મગર જ્યારે ઉત્તર તરફના ભાગોમાં જંગલી ઘેટાં, સાબર, શાહમૃગ તથા શિયાળ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

ખેતી અને પશુપાલન – એ બે આ દેશના લોકોના મુખ્ય વ્યવસાય છે. દેશની કુલ જમીનનો માત્ર 3 % ભાગ જ ખેડાણ હેઠળ છે; જ્યાં મર્યાદિત પ્રમાણમાં ચોખા, કપાસ, મગફળી, બાજરી, કઠોળ, કસાવા, વટાણા તથા સૉરગમની પેદાશો થાય છે. મોટા ભાગના ખેડૂતો માટે તેમના જીવનનિર્વાહ પૂરતી જ ખેતી શક્ય બને છે. સિંચાઈનાં સાધનોનો વિકાસ થયેલો નથી, માત્ર નાઇજર નદીના કાંઠાના પ્રદેશો નદીના પાણીનો સિંચાઈ માટે ઉપયોગ કરે છે; પરંતુ જ્યારે તેમાં પૂર આવે છે ત્યારે ઊભો પાક નષ્ટ થઇ જતો હોય છે અને કાંઠાની આજુબાજુના ભાગોની તારાજી થાય છે. ઉત્તર અને મધ્યના વિસ્તારોમાં વિચરતી જાતિના લોકો ઢોર, ઘેટાંબકરાં, ઊંટ, મરઘાં વગેરે પશુઓના પાલન દ્વારા ગુજરાન કરે છે.

નાઇજરની ગણતરી દુનિયાના ગરીબ દેશોમાં થાય છે. ગરીબીનાં કારણોમાં રણપ્રદેશ, વિષમ આબોહવા અને વાહનવ્યવહારની અછત મુખ્ય છે. પ્રાકૃતિક રચનાની પ્રતિકૂળતાને કારણે દેશમાં હજી સુધી રેલવેનો વિકાસ થયો નથી, અન્ય વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનોની બાબતમાં પણ દેશ પછાત છે. દેશમાં માત્ર 10,000 કિમી. લંબાઈના જ રસ્તા ઉપલબ્ધ છે. ખાણકાર્ય અહીંની મુખ્ય પ્રવૃત્તિ છે. દેશના નૈર્ઋત્ય ભાગમાં દુનિયાભરનો નોંધપાત્ર ગણાતો યુરેનિયમનો ભંડાર છે. લોહ તેમજ ટંગ્સ્ટન, કલાઈ, કેસિટરાઇટ, ચિરોડી જેવાં ખનિજો, ફૉસ્ફેટ, સાજીખાર (natron) અને ખનિજ-મીઠું પણ મળે છે. 1960માં દેશ સ્વતંત્ર થયા પછી સિંગતેલ, સિમેન્ટ, સુતરાઉ કાપડ, દારૂ તથા અન્ય વપરાશી ચીજોનું મર્યાદિત પ્રમાણમાં ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમો ઊભા થયા છે. ખેતીમાં મગફળીનો પાક લેવાતો હોવાથી તેનું પિલાણ કરતા એકમોનો પણ નોંધપાત્ર રીતે વિકાસ થયો છે. 1970 થી ’80 ના દાયકામાં અહીં ખનિજતેલ હોવાનું શોધી કાઢવામાં આવેલું છે. દેશની નિકાસમાં કપાસ, મગફળી, સૉરગમ, બાજરી તેમજ સારી ઓલાદના પશુધન અને ચામડાંનો ફાળો વિશેષ છે. મોટા ભાગનો વિદેશવ્યાપાર ફ્રાન્સ, નાઇજિરિયા, આઇવરી કોસ્ટ, જર્મની, ઇટાલી અને પશ્ચિમના કેટલાક દેશો સાથે થાય છે.

નાઇજરની કુલ વસ્તી 1,74,66,172 (2015) છે.દર ચો.કિમી. વસ્તીની સરેરાશ ગીચતા 6 વ્યક્તિઓની છે, પરંતુ નદીના ખીણપ્રદેશમાં તે 70 જેટલી છે. દેશની કુલ વસ્તીમાં 22 % શહેરી અને 78 % ગ્રામીણ છે. શિક્ષણ, ભાષા અને ધર્મ : દેશમાં કેળવણી નિ:શુલ્ક હોવા છતાં સાક્ષરતાનું પ્રમાણ માત્ર 14.5 % જેટલું જ છે. દેશની શિક્ષણસંસ્થાઓ રાજ્યહસ્તક છે. મોટાભાગની શિક્ષણસંસ્થાઓમાં ઇસ્લામ ધર્મનું શિક્ષણ અપાય છે, આ

રીતે જોતાં આ દેશ દુનિયાભરમાં ઓછામાં ઓછું અક્ષરજ્ઞાન ધરાવે છે; વિચરતી જાતિઓ માટે ફરતી નિશાળો (tent schools) પણ છે. દેશની સત્તાવાર ભાષા ફ્રેન્ચ છે, પરંતુ 85 % લોકો અહીંની સ્થાનિક ભાષા હાઉસામાં વ્યવહાર કરે છે. અન્ય સ્થાનિક ભાષાઓમાં મુખ્યત્વે ફુલાની, જેરમા, સોંઘાઇ અને કાનુરી ઉલ્લેખનીય છે. દેશમાં ઘણા જાતિ સમુદાયો છે, જેમને પોતાની ભિન્ન ભિન્ન ભાષાઓ, રીતરિવાજો અને પરંપરાઓ છે. 98 % લોકો અશ્વેત આફ્રિકનો છે. દેશના લોકોની આયુમર્યાદાનું પ્રમાણ ઓછું (સ્ત્રીઓમાં 40 વર્ષ અને પુરુષોમાં 37 વર્ષ) છે.

રાજકારણમાં વિચારધારા ની ખાસિયત એ છે કે તે સામાજિક, રાજકીય ,આર્થિક વિષય નોંધપાત્ર અભિવ્યક્તિ જરૂરિયાતો પર કેન્દ્રીત છે. સામાન્ય રીતે, રાજકીય વિચારધારા આર્થિક હિત અને નાણાકીય ઉદ્દેશ ધરાવે રાજકીય અસ્તિત્વ નથી. અલબત્ત, ધ્યેય માત્ર વૈશ્વિક, સ્થાનિક પણ હોઇ શકે છે. પરંતુ તેમના સાર યથાવત રહે છે. તમામ રાજકીય સિદ્ધાંતો મહાન સંભવિત, આભાર જે તે સાર્વજનિક સભાનતા ચાલાકી શક્ય છે. તેઓ લાંબા સમય સુધી ત્યાં સામાજિક અને સ્તરીય સમાજના પ્રકૃતિ છે, કારણ કે અસ્તિત્વ ધરાવતી નથી.

રાજકીય વિચારધારા ની આપણી વ્યાખ્યા જોઈ તે પરથી એવું લાગે છે, કે દરેક જગ્યાએ રાજકીય વિચારધારા જે હોય છે, એ મહત્વની હોય છે. રાજકીય વિચારધારા ના કારણે જ દેશમાં બદલાવ આવતા હોય છે. રાજકીય ઉથલપાથલ થતી જોવા મળે છે. આપણે ભારતની જો વાત કરીએ તો પહેલાના સમય કરતા અત્યારનો હવે જે સમય ચાલી રહ્યો છે તેમાં ઘણું બદલાવ આવી રહ્યો છે. ભૂતકાળમાં ભારતની પરિસ્થિતિ હતી અને અત્યારની જે પરિસ્થિતિ છે,તો એને આપણે મૂલવી શકીએ. રાજકીય વિચારધારા માત્ર સત્તા હાંસલ કરવા માટે કે સત્તામાં ટકી રહેવા માટે જ હોતી નથી. દેશમાં બદલાવ લાવવા પણ બહુ જ જરૂરી હોય છે. અહીં ભારત દેશની વાત ન કરતા આ બીજા દેશો એટલે કે આફ્રિકન દેશો જે છે અને આફ્રિકન દેશોમાં જે બદલાવ થઈ રહ્યો છે લશ્કરી પડવાઓ થઈ રહ્યા છે એમનું આક્રોશ જે છે તો આ બધામાં ક્યાંક ને ક્યાંક આપણે રાજકીય વિચારધારાઓ જે છે તો એ રાજકીય વિચારધારાઓને સમજવી જોઈએ છે અને કઈ રીતે એ રાજકીય વિચારધારાઓ કામ કરે છે અથવા તો એવું કહી શકીએ કે કઈ રીતે એમની વિચારધારાઓ ત્યાંના બદલાવ લાવી રહી છે.

આફ્રિકન દેશોમાં વારંવાર જોઈએ છીએ કે લશ્કરી બળવા થયા, લશ્કરી બળવાના કારણે કેટલાય લોકોના જીવ જાય છે આઝાદી તરફ સરકાર બદલવા તરફ વિવિધ વિચારધારાઓ પ્રગટ થતી હોય છે પરંતુ તેમાં પણ

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

તમે જુઓ કે આ વિચારધારાઓને દબાવી દેવા કે પોતાની સત્તાઓ ટકાવારી રાખવા કઈ રીતે બીજા દેશ તરફથી અથવા તો બીજા દેશનો સહારો લઈ લશ્કરી બળવાનો સહારો લઇ અને પોતે સત્તાઓ ટકાવી રાખે છે એનો આપણે એક સંશોધન જે છે આફ્રિકન દેશો તરફ જેનો આપણે વિગતે અભ્યાસ જોઈએ.

આફ્રિકન દેશોમાં રાજકારણીઓ નાગરિકોને સ્વતંત્રતા આપવાના બહાને મત પેટીઓ છલકાવીને વર્ષોવર્ષ સત્તાના સિંહાસનને બિરાજે છે. લશ્કરી અધિકારીઓ ભ્રષ્ટાચારના આરોપો રાષ્ટ્રીય સુરક્ષા વિદેશી સત્તાનો ડર લોક લાગણીને પંપાલીને સત્તા પર ચીપકી જાય છે. છેલ્લા બે ત્રણ વર્ષમાં લગભગ એક સરખા કારણથી ચૂંટાયેલા સરકારોને અલગ અલગ દેશોમાં તોડી પાડીને લશ્કરી અધિકારીઓ સર્વ સત્તાધીશ બની બેઠા છે. આજની તારીખે દોઢ ડઝન લશ્કરી જનરલ્સ પાછી જે તે દેશની સત્તા છે. આ બધા લશ્કરી અધિકારીઓએ એક નહીં તો બીજા કારણથી ચૂંટાયેલી સરકારને ઘર ભેગી કરીને સમગ્ર દોરી સંચાર પોતાના હાથમાં લીધો હતો.

લેટેસ્ટ લશ્કરી બળવો પશ્ચિમ આફ્રિકન દેશ નાઈઝરમાં થયું. લશ્કરી બળવાનો લાંબો પહોળો ઈતિહાસ છે. લશ્કરી તખ્તાપલટનો નોંધાયેલું ઇતિહાસ. ઈ. સ.પૂર્વે 800 સુધીનો છે. ક્યાંથી લઈને 21મી સદીના ત્રીજા દસકા સુધીમાં સેકડો લશ્કરી પડવા અલગ અલગ દેશોમાં થઇ ચૂક્યા છે. 1950 થી અત્યાર સુધીમાં 886 લશ્કરી બળવા થઈ ચૂક્યા છે અને એમાંથી સૌથી વધુ 215 લશ્કરી બળવા આફ્રિકન દેશોમાં થયા છે. છેલ્લા ત્રણ જ વર્ષમાં બુર્કિના, ફાસો, માલી,ગીનીમાં લશ્કરે બળવો કરીને સત્તા મેળવી લીધી હતી. એમાં વધુ એક દેશ નાઈઝરનો ઉમેરો થયો છે. આફ્રિકામાં તે પહેલાં પણ ચાડ અને સુદાનમા સૈન્યએ ચૂંટાયેલી સરકાર પાસેથી છતાં આંચકી લીધી હતી. હજુ કેટલાય દેશોમાં સૈન્ય અને સરકારો વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યો છે. અમુક દેશોમાં સૈન્ય અને નાગરિકોને સરકાર સામે સખત આક્રોશ છે, પરિણામે ગમે ત્યારે તખ્તાપલટનો ખતરો તો ખરો જ.

નાઈઝર ફ્રાન્સના તાબામાં હતો. ફ્રાંસે 1958માં કરાર કર્યો અને 1960 માં સત્તા ચુંટાયેલી સરકારને સોંપી. ફ્રાન્સના નેતાઓ તો નાઈઝરને તાંબામાં રાખવાના મતના હતા,પરંતુ અમેરિકાએ નાઈઝરની આઝાદીની તરફેણ કરી એટલે ફ્રાન્સ આખરે સ્વતંત્ર કરવા તૈયાર તો થયું, પરંતુ ફ્રાન્સની લશ્કરી હાજરી સતત રહી. અન્ય દેશોના આક્રમણથી બચાવવા,આતંકવાદી જૂથોથી બચાવવા,તેમજ રાષ્ટ્રીય સુરક્ષાના નામે નાઈઝરમાં ફ્રાન્સ લશ્કર તૈનાત રાખે છે. પુરીના નેતૃત્વમાં નાઇઝરની પ્રથમ સરકાર બની પણ ફ્રાન્સે કુદરતી સંપદાનો

દહન શરૂ રાખ્યું. નાઈજરના પ્રમુખે જ ફ્રાન્સની કંપનીઓને યુરેનિયનનો જથ્થો ઉલેચવાની પરવાનગી આપી હતી. ફ્રાન્સની કંપનીઓ બેરોકટોક નાઇઝરનો કુદરતી ખજાનો ફ્રાન્સ ભેગો કરતી હતી. આ સીલસીલો 14 વર્ષ સુધી ચાલ્યો. હમામી સામે લોકાક્રોસ વધતો જતો હતો. લશ્કરી અધિકારીઓ પણ દેશમાં ફ્રાસના પ્રભુત્વનો વિરોધ કરતા હતા. સૈન્યના વિરોધ વચ્ચે પ્રમુખે અલ્જેરિયન યુદ્ધમાં ફ્રાન્સને લશ્કરી સહાય કરી હતી. ત્યારથી જ આમ તો હમામી લોકોમાં અળખામણા થવા લાગ્યા હતા. આખરે 1974 માં સૈન્યના નેતૃત્વમાં નાગરિકો રસ્તા પર ઉતર્યા અને લશ્કરી બળવો કરીને હમામીની સરકારનો તખ્તાપલટ દીધો.

બળવા પછી કર્નલ સેઇની કાઉન્ટ્ચે રાજ સિંહાસન પર ચડી બેઠા. હમામીની જેમ સેઇનીના હાથમાં પણ લાંબા સમય સત્તા રહી. 1987 માં એનું મૃત્યુ થયું. ત્યાં સુધી એટલે કે 13 વર્ષ સુધી નજરના એ પ્રમુખ રહ્યા. સેઇનીના અનુગામી લશ્કરી અધિકારી અલી સૈબુ 1987માં નાઇઝરના ત્રીજા પ્રમુખ બન્યા. ત્યાં સુધીમાં નાઇઝરની પ્રજા સૈન્યના એકહથ્થું શાસનથી થાકી ગઇ હતી એટલે વિરોધ પ્રદર્શનનો થવા લાગ્યા હતા. સમય પારખી ગયેલા અલી સૈબુએ 1992માં લોકશાહીની સ્થાપના કરવાનો પ્રસ્તાવ માન્ય રાખ્યો અને સત્તાનું હસ્તાંતર 47 સરકારના નેતા મોહમેન ઉસમાનને કર્યું. એ સાથે નાઈઝરનામાં ફરીથી લોકશાહી સ્થપાઈ. પરંતુ ચાર જ વર્ષમાં ઉસ્માનની સત્તા ઉલટાવીને 1996 માં ઇબ્રાહીમ બેર નામના લશ્કરી અધિકારીએ બળવો કરાવ્યો. નાઇઝરમાં આ બીજો લશ્કરી બળવો હતો. ઇબ્રાહીમ ચાર વર્ષ સુધી સત્તામાં રહે. 1999 થી 2009 સુધી લોકશાહી રહી. 2009 થી 2010 સુધી લશ્કરી શાસન આવ્યું. નાઇઝરમાં જેટલા વર્ષ લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર સત્તામાં રહી તેનાથી વધુ સમય તો સત્તા લશ્કરી અધિકારીઓના હાથમાં રહી. 2010 થી 2023 નું 13 વર્ષનો ગાળો નાઈઝરમાં રાજકીય રીતે સ્થિર જણાતો હતો. પરંતુ સત્તાના નશાનો સ્વાદ ચાખી ગયેલા લશ્કરી અધિકારીઓ રાજકીય સ્થિરતા ઇચ્છતા નહતા. પ્રમુખ મોહમ્મદ બજેમ, જે છેલ્લા બે વર્ષની સત્તામાં હતા તેમની સરકાર ઉઠલાવીને અત્યારે બે લશ્કરી અધિકારીઓએ દેશનું સંચાલન હાથમાં લઈ લીધું છે. એમાં નાઈઝરના નાગરિકોનું સંપૂર્ણ સમર્થન છે. મોટાભાગના નાગરિકોને લાગતું હતું કે ચૂંટાયેલા નેતાઓ ફ્રાન્સની કટપુતળી બની જાય છે. આજની તાસકમાં દેશનો કુદરતી ખજાનો ધરી દે છે.

મોટાભાગના આફ્રિકન દેશોના લશ્કરી મળવા પાછળ આ કોમન કારણ છે. આફ્રિકન દેશોમાંથી અસંખ્ય દેશો 18મી 19મી સદીમાં ફ્રાન્સના કબજામાં આવ્યા હતા. વિશ્વયુદ્ધ પછી બધા દેશોમાં સ્વતંત્રતાની માગણીએ જોર

પકડ્યું અને ભારત સહિતના અસંખ્ય દેશો આઝાદ થયા એટલે ફ્રાન્સ પણ લોકમાગણી સ્વીકારીને દેશોને આઝાદ કરવાનું દબાણ બનતું જતું હતું. પરિણામે ફ્રાન્સે એક પછી દેશોની આઝાદી આપી. 1960 પહેલા આફ્રિકાના 14 દેશો પર ફ્રાન્સનો કબજો હતો. ફ્રાન્સે આ દેશોને આઝાદી તો આપી દીધી પરંતુ તેમના રક્ષણના બહાને લશ્કર તૈનાત રાખવા કરારો પણ કરી લીધા એ રીતે આ દેશોના રાજકારણ કુદરતી સંપદા પર પોતાનો અંકુશ જાળવી રાખ્યો. સેનેગલ, માલી, બુર્કિના, ફાસો,બેનિન, ચાડ, નાઈઝર જેવા દેશોમાં આ જ રીતે ફ્રાંસે એક નહીં તો બીજી રીતે પ્રભુત્વ જાળવી રાખ્યું. સ્થાન સ્થાનિક સરકારો પર રાજકીય પ્રભાવ પાડીને પોતાની તરફ નિર્ણય લેવડાવે છે. ખાસ તો મૂલ્યવાન ખનીજ ઉલેચીને ફ્રાન્સ સમૃદ્ધ થાય છે, આ દેશો ઠેરના ઠેર રહે છે.પરિણામે આ દેશોના લશ્કરી અધિકારીઓ ફ્રાંસના પ્રભુત્વનો મુદ્દો ઉઠાવીને લોકોને ઉશ્કેરવામાં સફળ થાય છે. ચૂંટાયેલી સરકારો વિદેશીઓના ઇશારે નાચે છે એટલે પોતાનું શાસન હોવું જોઈએ એવી હિમાયત કરીને લશ્કરના અધિકારીઓ તો તખ્તાપલટ કરીને સત્તા પર બેસી જાય છે. એ રીતે ફ્રાન્સ તરફનો આક્રોશ ચૂંટાયેલી સરકારને ઘર ભેગી કરવામાં કારણભૂત ઠરે છે. રાજકારણીઓ સ્વતંત્રતા અને લોકશાહીના નામે લોકોની લાગણીને પંપાળે છે ને લશ્કરી અધિકારીઓ એ કામ રાષ્ટ્રની સુરક્ષા અને વિદેશી હસ્તક્ષેપના નામેં કરે છે. આફ્રિકન દેશોમાં લશ્કરી અધિકારીઓ લોકોની નસ દબાવવામાં ફાવી જાય છે.

નાઇજરના નવા લશ્કરી શાસક, જનરલ અબ્દુર્રહમાન ટિચિયાનીએ પડોશી દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાયને ચેતવણી આપી છે કે તેઓ તેમના દેશમાં દખલ ન કરે. બુધવારે (બીજી-ઓગસ્ટ) રાષ્ટ્રીય ટેલિવિઝન પર, નાઇજરના નવા સૈન્ય શાસકે પાડોશી દેશોને સૂચના આપવાની સાથે દેશના લોકોને સંરક્ષણ માટે તૈયાર રહેવાનું આહાન કર્યું હતું. ટીવી પર રાષ્ટ્રને એકતાનો સંદેશ આપતા જનરલ અબ્દુર્રહમાન ટિચિયાનીએ કહ્યું કે હવે આપણા બધા માટે એક થવાનો સમય છે. નાઇજરના લોકોને એક થવા બે અને તે બધા લોકોને હરાવવા દો. જેઓ આપણા દેશને અસંખ્ય દુઃખ પહોંચાડવા માંગે છે. જેઓ આપણા દેશને અસ્થિર કરવા માંગે છે. તેમના સંબોધન દરમિયાન, ટિચિયાનીએ દેશના લોકોને ચૂંટણી યોજીને શાંતિપૂર્ણ રીતે સત્તા સ્થાનાંતરિત કરવાનું વચન પણ આપ્યું હતું. ફ્રાન્સે પોતાનું લશ્કર નાઈજર માથી બોલાવી લીધું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**સંદર્ભ સાહિત્ય-**


- બક્ષી,પી.એમ.,ભારતનું બંધારણ, યુનિવર્સલ લો પબ્લિશિંગ, નવી દિલ્હી, 2009.
- કેગની ફરજો, સત્તા અને સેવાની શરતો અધિનિયમ, 1971.
- સરકાર સિયુલી, ભારતમાં પબ્લિક એડમિનિસ્ટ્રેશન, PHI લર્નિંગ, નવી દિલ્હી, 2010.
- ધ ફાઇનાન્સ કમિશન (મિસેલેનિયસ પ્રોવિઝન) એક્ટ,1951.
- ગુજરાતી વિશ્વકોષ
- E. R. Goodenough, The Church in the Roman Empire.
- Edwin.Hatch, Organisation of the Early Christian Church, and Growth of Church Institutions.
- H. B. Workman, The Evolution of the Monastic Ideal. 14.
- J. B. Bury, The Eastern Roman Empire.
- Ewart Lewis, Medieval Political Ideas.
- TheRelevance of Baba Sahab Dr. Bhim Rao Ambedkar-an article in R.B. Rao edited: Bharat Ratna -Dr. Ambedkar,
- Keer Dhananjaya: Dr. Ambedkar-Life and Mission (1981 ed.),
- Ambedkar: Annihilation of Caste,
- Ambedkar: Annihilation of Caste,
- Ambedkar: Annihilation of Caste, W. N. Kuber:
- Dr. R. Jakh: Dr. Bhim Rao Ambedkar ka Rajneetik Darshan, Illustrated Weekly of India,
- Googal, website
- Newspaper
- International.By: NGN Reporter.03 August 2023